ગાંધીનગર સમાચાર



# શહેરમાં આગ ઓકતી ગરમીમાં ૬૫ મેગા વોટનો વિજ વપરાશ

## આડા દિવસોની સાપેક્ષમાં ૨૩ મેગાવોટનો વપરાશ વધ્યો : ઘરે ઘરે એસી સહીતના ઉપકરણો ધમધમતા વિજ વપરાશમાં નોંધપાત્ર વધારો : હજુ આગામી દિવસોમાં ૭૧ મેગાવોટ વપરાશ થવાની સંભાવના



ગાંધીનગર તા ૧૪

શહેરમાં ગરમી પ્રકોપ વધતા પાણીની સાથે વિજવપરાશમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. સેકટરોમાં ઘરે ઘરે એસી ધમધમતા જોવા મળી રહયા છે. ગરમીથી બચવા માટે આધુનિક ઉપકરણોનો ઉપયોગ વધતા વિજવપરાશમાં તોતિંગ વધારો થયો છે . નગરની સરકારી કચેરીઓમાં પણ સતત વાતાનુકુલિત વાતાવરણ રાખવા માટે એ સી ઓન જોવા મળે છે. ત્યારે શહેરમાં આડા દિવસોની સાપેક્ષમાં આગ ઓકતી ગરમી દરમિયાન ૨૩ મેગા વોટ જેટલો વિજવપરાશ વધ્યો છે. હાલ ૬૫ મેગા વોટનો વપરાશ થઈ રહયો છે. જયારે આગામી દિવસોમાં વિજળીનો ઉપયોગ વધતા ૭૧ મેગા વોટ સુધી પહોંચવાની સંભાવના છે.

ઉનાળો આકરો બનતા શહેરી જનજીવન પર વિપરિત અસર વર્તાઈ રહી છે. આગ ઓકતી ગરમીએ સૌ કોઈને બેબાકળા કરી દિધા છે. ગરમીથી બચવા માટે અનેક નુસખા અજમાવતા નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળે છે. ત્યારે ઘરમાં પણ ગરમીમાં ઠંડા ઠંડા કુલ કુલ રહેવા માટે એસી તેમજ એર કુલરનો ઉપયોગનુ પ્રમાણ દિન પ્રતિદિન વધી રહયુ છે. ગરમીના દિવસોમાં આધુનિક ઉપકરણોનો ઉપયોગ વધી ગયો છે. ઘરો તેમજ સરકારી કચેરીઓમાં સતત એ સી નો ધમધમાટ જોવા મળે છે. ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ વધતા ઈલેકટ્રીક મોટરનો પણ વપરાશ વધી જાય છે. ત્યારે પાણી અને એસીનો વપરાશ વધતા શહેરમાં વિજ વપરાશ પણ વધ્યો છે. શહેરમાં એસીના વેચાણમાં પણ અંદાજિત ૩૦ ટકા જેટલો વધારો થયો છે. સેકટરોમાં મોટાભાગના ઘરોમાં એસી ઓન હોવાથી વિજવપરાશનુ ભારણ પણ વધ્યુ છે. જેના પરિણામે વિજલાઈનમાં લોડ વધતા લાઈન ટ્રીપીંગની ફરિયાદો પણ ઉઠવા પામે છે. શહેરમાં આડા દિવસોમાં અલબત્ત માર્ચ મહીના સુધીમાં રોજ ૪૨ મેગાવોટ જેટલી વિજળી વપરાય છે. જયારે ગરમીના દિવસો શરૂ થતા વિજળીના વપરાશમાં ધીમે ધીમે વધારો થાય છે. હાલની સ્થિતિએ રોજનો ૨૩ મેગા વોટ વધીને કુલ ૬૫ મેગા વોટ સુધી પહોંચી ગયો છે. જયારે ગરમીના તીખો તેવર યથાવત રહેશે તો આગામી દિવસોમાં હજુ પણ ૬ મેગા વોટ જેટલો વપરાશ વધવાની સંભાવના છે. અલબત્ત રોજ ૭૧ મેગાવોટની જરૂરિયાત વર્તાય તેમ છત

# શહેરમાં સતત બીજા દિવસે હીટવેવ

## શહેરમાં સ્વયંભૂ કરફ્યુની સ્થિતિ : વસાહતીઓએ ઠંડક મેળવવા પ્રયાસો આદર્યા

ગાંધીનગર, તા. ૧૪

પાટનગર ગાંધીનગરમાં સતત બીજા દિવસે હીટવેવની સ્થિતિ યથાવત રહી હતી. ૪૪.૨ ડિ.સે. જેટલા રેકોર્ડબ્રેક તાપમાન સાથે આકરી ગરમીની જનજીવન પર સીધી અસર જોવા મળી હતી.

આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. કાળઝાળ ગરમીથી સૌ કોઈ ત્રાસી ગયા છે. હવામાન વિભાગે આપેલી હીટવેવની ચેતવણી અનુસાર જ માથુ ફાડી નાંખે તેવા આકરા તાપ સાથે ખુબ ગરમી પડી રહી છે. આજે સતત બીજા દિવસે મહત્તમ તાપમાન ૪૪.૨ ડિ.સે. જેટલુ ઉંચુ રહ્યું હતું. જે સીઝનનું સૌથી વધુ તાપમાન છે. સૂર્યોદય સાથે જ શહેરમાં આકરી ગરમી પડવાનો પ્રારંભ થઈ ગયો હતો.

આકાશમાંથી રીતસર આગ ફેંકાતી હોય તેમ અંગ દઝાડતો તડકો પડવાનો પ્રારંભ થયો હતો. થોડીક જ વારમાં ગરમીનો પ્રકોપ વધવા માંડ્યો હતો. જેની સીધી અસર જનજીવન પર જોવા મળી હતી. આજે સરકારી કચેરીઓમાં બીજા શનિવારની રજા હોઈ સવારથી જ માર્ગો પર પાંખી અવરજવર રહી હતી. આકરી ગરમીના કારણે વસાહતીઓ ઘરમાં જ પુરાઈ રહ્યા હતા. શહેરમાં ગરમીએ કરફ્યુ જેવી સ્થિતિનું નિર્માણ કર્યુ હતું.

આંતરીક સેક્ટરોમાં બપોરે ૧૧ થી સાંજે ૪ વાગ્યા સુધી નહિવત અવરજવર જોવા મળી હતી. છેક મોડી સાંજે વસાહતીઓ ખરીદી કરવા કે અન્ય કામે બહાર નીકળ્યા હતા. આખો દિવસ ભયંકર લૂ ફૂંકાઈ હતી. જેની અસર સાંજે પણ જોવા મળી હતી. હીટવેવની અસર હજુ આગામી બે દિવસ સુધી રહેવાની ચેતવણી હવામાન વિભાગે આપી છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોનું તાપમાન ૪૪થી ૪૫ ડિગ્રીની વચ્ચે રહેવાની શક્યતાઓ છે.

# ત્રણ વર્ષ બાદ પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા વધી

## શહેરીકરણ ઝડપથી વધતાં પ્રવેશોત્સવમાં પાત્રતા ધરાવતા બાળકો પૈકી ૫ થી ૧૦ બાળકો ખાનગી શાળામાં જાય છે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં ત્રણ વર્ષ બાદ આ વર્ષે એક હજાર વધુ બાળકોનો શાળા પ્રવેશોત્સવની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે.

જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષથી ૧૨ થી ૧૩ હજાર બાળકો સર્વે દરમ્યાન મળી આવતા હતા. આ વર્ષે સર્વે દરમ્યાન ૧૪ હજાર ૩૮૯ બાળકો મળી આવ્યા છે. જેમાં ૭૪૭૦ કુમાર અને ૬૯૧૯ કન્યાઓનો સમાવેશ થાય છે.

જિલ્લામાં સૌથી વધુ બાળકો ગાંધીનગર તાલુકામાં જણાયા છે જ્યાં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા ૫૭૯૫ છે. જ્યારે માણસામાં માત્ર ૧૯૦૯ બાળકો પ્રવેશપાત્ર મળી આવ્યા છે.

જિલ્લામાં પ્રવેશોત્સવ દરમ્યાન ૧૦૦ ટકા નામાંકન માટેના તંત્રના આયોજન પછી પણ ૫ થી ૧૦ ટકા બાળકો ખાનગી શાળામાં જતા રહેતા હોય છે. તંત્રએ આ વખતે ૧૦૦ ટકા નામાંકન થાય તે માટે અત્યારથી જ આયોજન હાથ ધરી અને શિક્ષકોને વાલીઓ સાથે બેઠકોનો દોર ચાલુ કરી દેવા જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે પ્રવેશોત્સવ માટે ૬૦ જેટલા રૂટ નિયત કરવામાં આવે તેવી સંભાવનાઓ છે. જિલ્લામાં પ્રવેશોત્સવ એ લોકોત્સવ બની રહે તે માટે આ વખતે કેટલુક વિશેષ આયોજન પણ તંત્ર દ્વારા કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. જો કે આયોજન આખરી થયા બાદ જ વિગતો પ્રાપ્ત થશે તેમ સૂત્રોએ જણાવ્યું છે.

શહેરી વિસ્તારો જિલ્લામાં નજીકમાં જ હોવાથી અને શહેરીકરણ ઝડપથી થઈ રહ્યું હોવાથી ૧૦૦ ટકા નામાંકનમાં ૫ થી ૧૦ ટકા સુધીની ઘટ રહે છે તે નિવારવા માટેની વ્યૂહરચના તૈયાર કરાઈ રહી છે.

પ્રાથમિક શાળામાં ગુણવત્તાસભર શિક્ષણ ઉપરાંત અન્ય સુવિધાઓ પણ વધારવા માટેની વિચારણા હાથ ધરવામાં આવી છે. બક્ષીપંચના વિદ્યાર્થીઓને અપર પ્રાયમરીમાં નોટબુક સહાય આપવાની યોજના પણ અમલી બનાવવાની બાબત વિચારાધીન હોવાનું જાણવા મળેલ છે.

# આઉટ સોર્સિંગના સફાઈ કામદારોની મોટી ગેરહાજરીથી ચોંકી ઉઠેલા મેયરે તંત્રને ખખડાવ્યું

## જાહેર શૌચાલયોની સફાઈ માટે પણ યોગ્ય વ્યવસ્થા માર્ગ-મકાન સાથે રહી કરવા જણાવ્યુ



ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકામાં આઉટ સોર્સિંગના સફાઈ કામદારોની હાજરીને મુદ્દે મેયરશ્રી પ્રવિણ પટેલે ગંભીર નોંધ લઈ તાત્કાલિક યોગ્ય કાર્યવાહી હાથ ધરવા માટેની સૂચનાઓ તંત્રને આપી છે.

સ્વચ્છ નગરના સંકલ્પને સાકાર કરવાની દિશામાં આજે મેયરશ્રી પટેલે સફાઈ કામદારોની હાજરીને લઈ ગંભીર બની તંત્રને અસરકારક મોનીટરીંગનો આગ્રહ કર્યો છે.

આજે તેમણે ઘ-૫થી ઘ-૭ વચ્ચે આવતા સે. ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ચરેડી સહિતના વિસ્તારોની મુલાકાત લીધી હતી. જેમાં માત્ર ૪૬ કામદારોની જગ્યાએ ૩૬ કામદારોની જ હાજરી જોવા મળતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા.

શ્રી પટેલે હાજરીપત્રકની ચકાસણી કરી એટલુ જ નહિ વગર રજાએ ગેરહાજર રહેલા કાયમી સફાઈ કર્મચારીઓનો ખુલાસો પુછવા માટે અધિકારીઓને જણાવ્યું હતું. સફાઈ કામદારોની હાજરી પૂરવાની પદ્ધતિ અંગે પણ તેમણે ઝીણવટભરી પૃચ્છા કરી બાયોમેટ્રીક પદ્ધતિથી હાજરી પુરાય છે કે કેમ તેની પણ ખાત્રી કરી હતી.

મેયરશ્રીએ સે. ૨૮માં શોપીંગ સેન્ટરની પાછળ જે કોર્પોરેશન હસ્તકનું શૌચાલય છે તેની પણ મુલાકાત લીધી અને પરિસ્થિતિ જોઈ જે તે વિભાગ સાથે સંકલન સાધી યોગ્ય કાર્યવાહી કરી જવાબદારી નિયત કરવા માટે પણ અધિકારીઓને આદેશ જારી કર્યા હતા.

શહેરના જાહેર શૌચાલયોની નિયમિત સફાઈ નહિ થતી હોવાની ફરિયાદને પણ મેયરશ્રીએ ગંભીરતાથી લીધી છે એટલું જ નહિ આ દિશામાં પણ આગામી દિવસોમાં નક્કર કાર્યવાહી કરવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત આપ્યા છે.


મેયરશ્રીએ સમગ્ર શહેરમાં રોજમદાર સફાઈ કામદારોની હાજરી અંગે અત્યંત ગંભીર બની અને સફાઈની સેવાને અસરકારક બનાવવા પર ભાર મુક્યો છે. ૩૦૦ કામદારોની જગ્યાએ સરેરાશ ૧૯૦

● અનુસંધાન પાન-૩ પર

# સિંહને ખસેડવાની યોજનામાં ફેરફાર કરવા માંગણી

ગાંધીનગર, તા. ૧૪

સિંહ ખસેડવાને લઈને બનાવવામાં આવેલી ૧૨ સભ્યોની સમિતિએ હવે ગુજરાતમાંથી એશિયાટિક સિંહોને ખસેડવાની યોજનામાં સુધારો કરવા વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયાને અપીલ કરી છે. ગુજરાતમાંથી મધ્યપ્રદેશમાં સિંહને ખસેડવાની હિલચાલ ચાલી રહી છે. ગુજરાતમાંથી એશિયાટિક સિંહોને કુનોપાલપુર ખાસે ખસેડવાની હિલચાલ ચાલી રહી છે. ગુજરાતની ચિંતાને ધ્યાનમાં લઈને મધ્યપ્રદેશ આગળ વધે તેવી માંગ કરવામાં આવી છે. એપ્રિલ ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટના આદેશ બાદ રચવામાં આવેલી કમિટિએ ડબલ્યુ આઈ આઈ સમક્ષ રજૂઆત કરી છે કે, ગુજરાત દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધા અને તેના દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ચિંતાને ધ્યાનમાં લેવામાં આવે તેવી અમારી વિનંતી છે.












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com